# બાવડે પામી જ લઈશું લક્ષ્યને, ચાલ ગ્રહની જાણવાનું રદ કર્યું!

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

ચયન આમ તો સીધોસાદો છોકરો હતો. મનુભાઈને અને એમની પત્ની શીલાબહેનને નયન ખૂબ વહાલો. મનુભાઈ ભલે દહેજની પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે નોકરી કરતા હતા પણ દીકરા નયન પાછળ ખર્ચ કરવાનો આવે તો એ પાછી પાની ન કરતા.

ધીમે ધીમે નયન મોટો થતો ગયો. બસ સ્ટેન્ડ પાસેની સી વ્યૂ સોસાયટીમાં એમના ઘેરથી નીકળી એ હવે બહાર રમવા જતો થયો.

“નયનને હવે નિશાળે ક્યારે મૂકશો?” એક વખત જમતી વખતે શીલાએ પૂછી લીધું.

“બસ, આવતા વરસે,” મનુભાઈ બોલ્યા, “જોઈએ, મારો દીકરો ભણવામાં કેવો નીકળે છે!”

“સારો જ નીકળશે,” શીલા બોલી, “તમે શિક્ષક છો, ને શિક્ષકનો છોકરો કદી નબળો ન હોય.”

“એ બધી જૂના જમાનાની વાતો છે,” મનુભાઈ હસ્યા, “હવે તો શિક્ષકના છોકરાય નબળા હોય છે.”

“જે હોય તે,” શીલા બોલી, “આપણે તો પરભુ ગોરે એની કુંડળી કાઢી આપી છે, એ પ્રમાણે એના ભાગ્યમાં વિદ્યાયોગ છે એટલે ચિંતા જેવું નથી.”

“સારું,” મનુભાઈ ઊભા થતાં બોલ્યા, “કાલે શનિવાર છે એટલે હું વહેલા ઘેર આવી જઈશ. પછી ક્યાંક ફરવા જવું હશે તો જઈશું.”

બીજા દિવસે સવારના સાડા દસ વાગ્યે તો મનુભાઈ નિશાળેથી પાછા પણ આવી ગયા અને શીલાએ રસોઈ બનાવી જ રાખી હતી, એટલે જમીને નયનને લઈને ત્રણે જણા સુરત જવા નીકળ્યાં. ઘેરથી નીકળતાં પહેલાં મનુભાઈએ કેલેન્ડરમાં ચોઘડિયું જોઈ લીધું- શુભ ચોઘડિયું હતું એટલે એમણે સંતોષનો ઓડકાર ખાધો.

સુરતની બજારમાં એમણે ચક્કર માર્યા. નયન માટે કપડાં ખરીદ્યાં, શીલા માટે સાડી ને એને જરૂરી કપડાં લીધાં, પોતાના માટે ઝભ્ભો ને લેંઘો પણ મનુભાઈએ લીધો. પુલ નીચેની ઘારીની પ્રખ્યાત દુકાનેથી એમણે ઘારીનું પેકેટ પણ ખરીદી લીધું. એક હોટેલમાં બપોરના સરસ નાસ્તો પણ કર્યો. સાંજની બસમાં એ દહેજ પાછા આવ્યા, ત્યારે પેટ ભારે હતું ને ખિસ્સું ખાલી! એ પછી તો તાપીમાં પાણી વહેતું રહ્યું. શાળાઓમાં વેકેશન પડ્યું ને વેકેશન પતવાની પણ નોબત આવી ગઈ. “કાલે પરભુ ગોરને બોલાવી રાખજે,” મનુભાઈએ એક સાંજે વાળુ કરતી વખતે શીલાને કહ્યું, “નયનને નિશાળે બેસાડવો છે, તો એ સારો દિવસ ને સારું મુરત કાઢી આપે.” “ભલે,” શીલા બોલી, “હું કાલે જ એમને સાંજના ઘેર આવવાનું કહેવડાવી દઈશ.”


બીજે દિવસે સાંજના મનુભાઈ નિશાળેથી ઘેર આવ્યા ત્યારે પરભુ ગોર સોફા પર બિરાજમાન જ હતા! “આવો આવો પરભુભાઈ,” મનુભાઈએ કહ્યું, “બેસો, હું કપડાં બદલીને આવું છું.”

પાંચેક મિનિટમાં કપડાં બદલીને મનુભાઈ પરભુ ગોર પાસે બેઠા ને શીલા ચ્હાના કપ લઈને હાજર થઈ ગઈ. નયન ટી.વી. પર ટોમ એન્ડ જેરીની કોમેડી જોતો હતો. “પરભુભાઈ,” ચ્હાના કપ-રકાબી નીચે મૂકતાં મનુભાઈ બોલ્યા, “આ પંદરમી તારીખે નિશાળ ખૂલે છે. નયનને પણ હવે નિશાળે મૂકવાનો છે એટલે તમને બોલાવ્યા છે કે, તમે સારો દિવસ અને સારું મુરત શોધી આપો.” “શોધી આપું” કહીને પરભુ ગોરે પંચાંગ કાઢ્યું, બીજો કૈંક ચોપડો પણ કાઢ્યો ને થોડી વાર એમણે વારાફરતી બન્નેમાં માથું નાખીને જોયા કર્યું.

“નયન માટે વીસમી તારીખ ને શનિવાર ઉત્તમ છે,” પરભુ ગોર ચોપડા સંકેલતા બોલ્યા, “ઘેરથી નીકળવાનો સમય સવારના સાડા દસ વાગ્યાનો છે. શુભ ચોઘડિયું છે.” “વાહ વાહ,” મનુભાઈ બોલ્યા, “અમે એને શનિવારે જ શાળામાં દાખલ કરીશું અને ઘેરથી સાડા દસ વાગ્યે જ નીકળીશું.” એ પછી તો શીલા પ્લેટમાં નાસ્તો લાવી. નાસ્તો પત્યે પરભુ ગોરે ઘેર જવાની તૈયારી કરી. મનુભાઈએ એમને દક્ષિણા તરીકે એકસો એક રૂપિયા આપ્યા. શનિવારે વીસમી તારીખે નયન શાળામાં દાખલ થયો. મનુભાઈ તો સાતમું ધોરણ ભણાવતા હતા પણ બીજા શિક્ષકે પણ નયનની કાળજી લીધી ને વરસ પછી પરિણામ આવ્યું, ત્યારે નયન પ્રથમ વર્ગમાં પાસ થયો હતો! સમય ફટાફટ સરકતો રહ્યો ને નયન બારમું ધોરણ પાસ કરીને કોલેજમાં આવ્યો.

હવે ફરી પરભુ ગોરની એન્ટ્રી થઈ. કોલેજ માટે એમણે વીસમી તારીખ જ આપી ને સમય પણ સવારના સાડા દસનો આપ્યો. નયનને એડમિશન અપાવ્યું હતું ભરૂચની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં, એટલે અપ-ડાઉન સરળતાથી થઈ શકે. વીસમીએ નયનને લઈને શીલા અને મનુભાઈ ભરૂચની કોલેજમાં પહોંચી ગયાં. નયને બી.એ.ના પ્રથમ વર્ષના પ્રથમ સેમેસ્ટ-રમાં પગ મૂક્યો. એને ભણવામાં રસ હતો, એટલે થોડા દિવસમાં જ એ કોલેજની રીતભાતથી વાકેફ થઈ ગયો.

બે વરસ તો પસાર પણ થઈ ગયાં ને નયનનો દેખાવ પણ અસલ કોલેજીયન જેવો થઈ ગયો. કપડાં પણ હવે એ જાતે સુરત જઈને લઈ લેતો થઈ ગયો હતો. મનુભાઈ એને જોઈતા પૈસા આપી દેતા.




**આપણે સાથે ભણતા હતા, હું બે છોકરાનો બાપ બની ગયો ને તું હજી વાંઢો જ રખડે છે! હવે તને કોઈ કુંવારી છોકરી મળવાની નથી એટલે છાપામાં કોઈ વિધવાની જાહેરખબર આવે, એની તપાસ કરતો રહે**

પુરુષની ફાંદ વધતાં ને સમય પસાર થતાં- બન્નેમાં વાર નથી લાગતી. નયનના કિસ્સામાં પણ સમય પસાર થતો ગયો. છેલ્લા વરસની પરીક્ષાનું પરિણામ આવ્યું ને નયન બીજા વર્ગમાં બી.એ. થઈ પણ ગયો!

મનુભાઈએ પાર્ટી આપી. સોસાયટીમાં ભાજીપાંઉ અને ગુલાબજાંબુની પાર્ટીમાં પરભુ ગોર ન હોય એવું તો કેમ બને?

‘‘નયન ભણી તો રહ્યો,” પરભુ ગોરે પાર્ટી પત્યે મનુભાઈને કહ્યું, “હવે, મનુભાઈ, એના સગપણનું શું વિચારો છો?” “હવે છોકરી શોધવા માંડીએ,” મનુભાઈ બોલ્યા, “બીજું શું?”

“હમણાં એના ગ્રહો નબળા છે, રાહુની ત્રાંસી નજર એની વૃશ્ચિક રાશિ પર છે” પરભુ ગોર બોલ્યા, “ એટલે બે વરસ તો એના સગપણનો વિચાર પણ ન કરતા કે છોકરી પણ જોવા ન જતા. પરિણામ સારું નહીં આવે.”

“તમે કહો એમ પરભુભાઈ,” મનુભાઈ બોલ્યા, “તમે કહેશો ત્યારે છોકરી શોધવાનું શરૂ કરીશું.”

બે વરસ સુધી મનુભાઈના ઘરમાં કન્યાનો ‘ક’ પણ બોલાયો નહીં. બે વરસ પૂરાં થયાં એટલે નયન લગભગ ચોવીસ વરસનો થયો, ને મનુભાઈએ પરભુ ગોરની સંમતિ લઈ લીધી ને કન્યાની તપાસ શરૂ કરી. એમને સમાચાર મળ્યા કે, નજીકના જ જોલવા ગામમાં એક કન્યા છે. શાંતિભાઈ દવેની મીના નામની છોકરી સુંદર પણ છે, ભણેલી પણ છે ને સંસ્કારી પણ છે.

શીલાને તો બીજું શું જોઈએ? એમણે આ સમાચાર આપનાર સાથે કહેવડાવી દીધું કે રવિવારે અમે કન્યા જોવા આવીશું. નયનનું આનંદવારિ તો હૈયાનો બંધ તોડીને ચહેરા પર છલકાતું હતું!

જોલવા બહુ દૂર નહોતું. ભાડે ટેક્સી કરીને ત્રણે રવિવારે સવારના જોલવા જવા નીકળ્યાં. ચોઘડિયું શુભ જ હતું. કન્યાનું ઘર સરસ હતું. નયને કન્યા જોઈ ને કન્યાએ નયનને જોયો. બન્ને એકબીજાને પસંદ પણ પડી ગયાં. જમવાનું કન્યાના ઘેર જ હતું ને કન્યાએ જ રસોઈ બનાવેલી. જમીને મનુભાઈએ વિદાય લીધી.

“શાંતિભાઈ,” મનુભાઈએ કહ્યું, “અમે હવે જઈશું. અમને તો કન્યા ગમી છે પણ દીકરીની કુંડળી મને આપો એટલે અમારા ગોર પાસે બન્નેની કુંડળી હું મેળવાવડાવું ને પછી તમને જાણ કરું. ને લ્યો, આ અમારા નયનની કુંડળી તમે રાખો એટલે તમારે પણ મેળવવી હોય તો કામ લાગે.” આટલું કહીને એમણે નયનની કુંડળી શાંતિભાઈને આપી ને જોલવાથી પાછા ઘેર આવી ગયા. બીજા જ દિવસે મનુભાઈએ પરભુ ગોરને બોલાવ્યા, ને નયનની અને મીનાની કુંડળી બતાવી. પરભુ ગોરે બન્નેની કુંડળી જોઈ. પછી થેલીમાંથી પંચાંગ ને બીજો એક ચોપડો કાઢ્યો ને વારાફરતી બધામાં માથું નાખીને એ જોતા ગયા. “ મનુભાઈ,” પરભુ ગોર બોલ્યા, “બન્નેના ત્રણ ગુણ જ મળે છે ને કન્યાને બારમે રાહુ છે. આ લગ્ન થઈ ન શકે.”

“તમે કહો એ સાચું,” મનુભાઈ બોલ્યા, “આપણે ના કહેવડાવી દઈએ.” અંદરના રૂમમાં આ સાંભળતા મનુને આઘાત લાગ્યો પણ એ જીરવી ગયો.

ગોરમહારાજ દક્ષિણા લઈને વિદાય થયા.

એ પછીના અઠવાડિયે પાખાજણ ગામમાં એક કન્યા જોઈ પણ પરભુ ગોરે એની પણ ના પાડી.

એક વરસ પસાર થયું, બીજું, ત્રીજું, ચોથું.... પાંચમા વરસે દેરોલ ગામમાં એક કન્યા છે એવી ભાળ મળી ને ત્રણે જોવા ગયાં પણ કન્યાના પિતાએ નયનની ઉંમર વધારે લાગે છે એમ કહીને સગપણ માટે ના પાડી દીધી! આ પાંચ વરસમાં વાગરા, મોસમ, સાયખા, ભરૂચ, પરીએજ, નબીપુર, હલદરવા જેવાં કેટલાંય ગામમાં એમણે કન્યાઓ જોઈ પણ પરભુ ગોરે કૈંક ને કૈંક વાંધા કાઢીને સગપણની ના પાડી એટલે મનુભાઈએ નયનનું સગપણ ના કર્યું. નયન હવે કંટાળ્યો હતો પણ પિતાના સ્વભાવ આગળ એનું ચાલે એમ નહોતું.

બીજા પાંચ વરસ પસાર થયાં. નયનની ઉંમર હવે પિસ્તાળીસ વરસની થઈ ગઈ! હવે તો કન્યાવાળા જ ના પાડતા હતા કે આટલી ઉંમરનો મુરતિયો ના ચાલે!

નયન હવે બરાબર મૂંઝાયો હતો. હવે એ મિત્રોને મળવા જતો તો મશ્કરીનો ભોગ બનતો. “અલ્યા નયન,” એક મિત્રે કહ્યું, “આપણે સાથે ભણતા હતા, હું બે છોકરાનો બાપ બની ગયો ને તું હજી વાંઢો જ રખડે છે!” ‘વાંઢો’ શબ્દકટારી નયનના કાળજામાં પરોવાઈ ગઈ! શું કરવું એ નયનને સૂઝતું નહોતું. પહેલા તો એના માટે માગાં આવતાં હતાં પણ છેલ્લે તો માગાં આવતાં પણ બંધ થઈ ગયાં હતાં. “નયન,” એક બીજા મિત્રે કહ્યું, “હવે તને કોઈ કુંવારી છોકરી મળવાની નથી એટલે છાપામાં કોઈ વિધવાની જાહેરખબર આવે, એની તપાસ કરતો રહે.” નયનના ઘાયલ કાળજા ઉપર આ શબ્દોએ મીઠું ભભરાવ્યું! એણે નક્કી કરી નાખ્યું- આ રીતે જીવવું એના કરતાં મરી જવું સારું પણ મરવું ક્યાં?

એને પહેલો વિચાર આવ્યો કે પોતાના રૂમમાં પંખા સાથે લટકીને આત્મહત્યા કરવી પણ એને લાગ્યું કે એમાં તો અવાજ આવે તો કદાચ મમ્મી કે પપ્પા જાગી જાય ને કાર્યક્રમ પડતો મૂકવો પડે.

બીજો વિચાર એને નર્મદામાં ડૂબીને મરવાનો આવ્યો ને એ એને વધારે અનુકૂળ આવ્યો પણ નર્મદામાં ડૂબવા અહીંથી દૂર જવું પડે તો ક્યાં જવું એના વિચારમાં એ પડ્યો.

અચાનક એને યાદ આવ્યું- નર્મદા પોઈન્ટ, રહીયાદ સરસ જગ્યા છે. ત્યાં પગથિયાં છે ને ઉપરથી કૂદકો પણ મરાય એમ છે.

બસ, એણે બીજા જ દિવસે ત્યાં જવાનું નક્કી કરી નાખ્યું. બીજા દિવસે સવારે એક મિત્રને મળવા જાઉં છું એમ કહીને એ ઘેરથી નીકળ્યો. નીકળતી વખતે એણે છેલ્લી વખત ઘર સામે નજર નાખી લીધી. નજર નાખતી વખતે એને એક કવિની આ પંક્તિઓ પણ યાદ આવી ગઈ - ભર્યું ને ભાદર્યું આ ઘર હવે છોડી જવાનું છે, બધી માયા અને મૂડી મૂકી ચાલ્યા જવાનું છે!

એક મિત્રની બાઈક લઈને એ ઘેરથી નીકળી ગયો. કલાકેકમાં તો એ રહીયાદ નર્મદા પોઈન્ટ પહોંચી પણ ગયો. બાઈક એણે બહાર રોડ પર જ મૂક્યું અને એ નર્મદાનાં પગથિયાં તરફ વળ્યો.

અચાનક એની નજર પગથિયાં પરથી નીચે કૂદવા જતી એક યુવતી પર પડી ને દોડીને એણે એ કન્યાને પકડી લીધી. “આત્મહત્યા કરવી છે?” એણે કન્યાને પૂછ્યું. કન્યાનો ચહેરો ક્યાંક જોયો છે એવું એને લાગ્યું.

‘‘તમારે શું લેવા-દેવા?” યુવતી બોલી, “મારે આત્મહત્યા કરવી પડે એમ છે.’’ આત્મહત્યા તો મારે પણ કરવાની છે,” નયન બોલ્યો, “હું પણ એટલા માટે જ અહીં આવ્યો છું.” તમારે કેમ આત્મહત્યા કરવી છે?” યુવતીએ પૂછ્યું. એને પણ નયનનો ચહેરો થોડો જાણીતો લાગ્યો. “મેં 41 કન્યાઓ જોઈ,” નયન બોલ્યો, “પણ, અમારા ગોરમારાજ બધામાં ના પાડે છે, ને હવે મને 45 વરસ થયાં, હવે કોઈ કન્યા આપે એમ નથી. ગોરમારાજે મારી જિંદગી બગાડી. હવે જીવીને શું કરવું છે?” “મારું પણ એવું જ છે,” યુવતી બોલી, “મેં પણ વીસેક છોકરા જોયા પણ અમારા ગોર બધાની ના પાડે છે, ને મને 43 થયાં, હવે કોઈ જોવાય નથી આવતું. હું જોલવા રહું છું એટલે અહીં નજીકમાં આવી આત્મહત્યા કરવા.” “જોલવા?” નયને આશ્ચર્યથી પૂછ્યું, “મને લાગે છે કે, મેં જે પહેલી કન્યા જોએલી ને મને ગમેલી એ તું તો નથી ને?” “હાસ્તો,” મીનાને અચાનક યાદ આવ્યું, “હું એ જ અભાગણી છું.” “એવું ન થાય કે,” નયન બોલ્યો, “આપણે અહીંથી સુરત જઈને કોર્ટ મેરેજ કરી લઈએ? કોઈને પૂછવું નથી.” “ચાલો,” એક ક્ષણનો પણ વિચાર કર્યા વિના મીના બોલી, “તમને જ મેં પહેલા જોએલા, ને છેલ્લે પણ તમને જ જોયા! ચાલો, અહીંથી નીકળી જ જઈએ.”

‘‘ચાલ,” પગથિયાં ચડતાં નયન બોલ્યો, “આપણી રીતે જ લગ્ન કરી લઈએ, હવે આ ગ્રહની ચાલમાં ને ગોર મારાજની ચાલમાં ફસાવું નથી.” નર્મદા ખળખળ વહેતી રહી ને નયનની બાઈક સુરત તરફ સરતી રહી!

(શીર્ષકપંક્તિ: શર્મિષ્ઠા કોન્ટ્રાક્ટર)